પરિપત્ર નં.- 139 - જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, અમરેલી

પ્રથમ એકમ કસોટી

આઝાદી કા અમૃત મહોત્સવ

પત્રક્રમાંક:- મગિશબ/આરસીએક/જ/7447/2022
ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, સેક્ટર -10/બી,
સચિવાલય પાસે, ગાંધીનગર
તા. 19/07/2022

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

તમામ, ગુજરાત રાજ્ય.

**વિષય:-** પ્રથમ એકમ કસોટીના આયોજન અંગે (ધોરણ - 09 થી ધોરણ- 12)

**સંદર્ભ:-** શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક :-બમશ/1120/142/ઇ તા.12/02/2020

જયભારત સહ ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે વિદ્યાર્થીઓના શિક્ષણ અને અભ્યાસમાં સાતત્ય જળવાઇ રહે તે હેતુથી રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા એકમ કસોટી માટે વિવિધ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. જે અનુસંધાને ધોરણ-૦૯ થી ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓ માટે એકમ કસોટીનું આયોજન કરવાનું થાય છે. જુલાઈ-2022 ના માસમાં ધોરણ-૦૯ થી ધોરણ-૧૨ ની પ્રથમ એકમ કસોટી યોજનાર છે. જે માટે નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે.

**સૂચનાઓ:-**

- શાળાઓએ ધોરણ- 09 થી 12ની એકમ કસોટી **તા.27જુલાઈ 2022** ના રોજ **૧-૧ કલાકના બે સેશનમાં** યોજવાની રહેશે.
- પ્રથમ એકમ કસોટી માટે ધો.9 થી 12 ના દરેક ધોરણના માત્ર 2(બે) વિષયોના પ્રશ્નપત્રો અત્રેથી મોકલવામાં આવશે. જેની વિગતો સમયપત્રકમાં ઉપલબ્ધ છે.
- પ્રથમ એકમ કસોટી માટે **જુન અને જુલાઈ માસના** એકમો અભ્યાસક્રમ તરીકે રહેશે. જેની વિગતો અભ્યાસક્રમના પત્રકમાં દર્શાવેલ છે.
- ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત પાઠયપુસ્તકના આધારે જ એકમ કસોટીનું આયોજન કરવામાં આવશે.
- અત્રેથી એકમ કસોટીના પાસવર્ડ પ્રોટેક્ટેડ પ્રશ્નપત્રો **તા:-25/07/2022** ના રોજ **બપોરે ૧૨:૦૦ કલાક** સુધીમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના આધિકારિક અને ગોપનીય E-mail એડ્રેસ પર મોકલવામાં આવશે. જેના પાસવર્ડ **તા.26/07/2022** ના રોજ નોડલ અધિકારીશ્રીઓને વોટ્સએપ માધ્યમે જણાવવામાં આવશે
- આ પત્ર મળ્યેથી તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ એકમ કસોટી માટે પોતાના જિલ્લાના એક વર્ગ-૨ કક્ષાના અધિકારીને નોડલ અધિકારી તરીકે નિયુક્ત કરી તેમનું નામ તથા વોટ્સએપ નંબર અત્રેની કચેરીના utgsheb@gmail.com પર તાત્કાલિક દિન-૧ માં મોકલી આપવાના રહેશે.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ આ પ્રશ્નપત્રો જિલ્લાના તમામ SVS/QDC કન્વીનરના આધિકારિક અને ગોપનીય ઇ-મેઇલ એડ્રેસ પર **તા:-26/07/2022** સુધીમાં મોકલવાના રહેશે.

D:\TEAM\UNIT TEST-REMEDIAL\2022-23\એકમ કસોટી...



Scanned with CamScanner

- SVS/QDC કન્વીનરે **તા:-26/07/2022** સુધીમાં પોતાના સંકુલની તમામ ખાનગી/ ગ્રાન્ટેડ/ સરકારી માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓને તેઓના આધિકારિક અને ગોપનીય ઇ-મેઇલ એડ્રેસ પર એકમ કસોટીના પ્રશ્નપત્રો મોકલવાના રહેશે.
- ઉપરોક્ત સાંકળમાં..... **GSHSEB→ DEO→ SVS/ QDC કન્વીનર→ આચાર્ય** એમ દરેક તબક્કામાં એકમ કસોટી માટેના પ્રશ્નપત્રોની ગોપનીયતા જળવાઇ રહે તેની સંપૂર્ણ કાળજી રાખવાની રહેશે.
- આચાર્યશ્રીએ **આ સાથે સામેલ સમયપત્રક મુજબ** તમામ વિદ્યાર્થીઓની કસોટી લેવાની રહેશે.
- રાજ્યની તમામ માધ્યમિક શાળાઓમાં ફરજિયાત એકમ કસોટી યોજવાની રહેશે.
- શાળાએ એકમ કસોટી બાદ વિદ્યાર્થીઓની કસોટીઓનું સમયસર મૂલ્યાંકન થાય તેની તકેદારી રાખવી અને વિદ્યાર્થીઓએ મેળવેલ ગુણની વિગતો શાળાએ સમગ્ર વર્ષ દરમિયાન સાચવી રાખવાની રહેશે.
- પ્રથમ એકમ કસોટી માટેના વિષયો અને અભ્યાસક્રમ બીડાણમાં દર્શાવ્યા મુજબના રહેશે.

**નોંધ :-** શિક્ષણ વિભાગના **તા.12/02/2020** ના ઠરાવ અન્વયે ધોરણ-૯ અને ધોરણ-૧૦ માં ગુજરાતી, ગણિત, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન જ્યારે ધોરણ- ૧૧ અને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ માટે ગણિત, ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, જીવ વિજ્ઞાન તથા અંગ્રેજી તેમજ સામાન્ય પ્રવાહ માટે અંગ્રેજી, નામાના મૂળતત્વો, વાણિજ્ય વ્યવસ્થા, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રની એકમ કસોટીના પ્રશ્નપત્રો બોર્ડ કક્ષાએથી તૈયાર કરી એકમ કસોટી લેવામાં આવશે. આ સિવાયના વિષયના પ્રશ્નપત્રો શાળાએ તૈયાર કરી વિદ્યાર્થીઓની એકમ કસોટી શાળા કક્ષાએ લેવામાં આવે તે ઇચ્છનીય છે.

M. K. Raval
નિયામક (પરીક્ષા)

પરીપત્ર નંબર :- 139

ક્રમાંક:પરક્ષ/એકમ કસોટી/૨૦૨૨
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અમરેલી તા.૨૧/૦૭/૨૦૨૨

ઉપરોક્ત પરીપત્ર અન્વયે જાણ તથા અમલ સારુ

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ
જિ.અમરેલી.



Scanned with CamScanner

# પ્રથમ એકમ કસોટી માટેનું સમયપત્રક

| તારીખ | સમય | ધોરણ | વિષય |
|---|---|---|---|
| ૨૭/૦૭/૨૦૨૨ | એક કલાક (શાળાના પ્રથમ સેશનના અંતિમ કલાકમાં) | ધોરણ-૯ અને ધોરણ-૧૦ | વિજ્ઞાન(૧૧) |
| | | ધોરણ-૧૧ અને ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ) | અંગ્રેજી (પ્રથમ ભાષા) (૦૬ F.L.)<br>અંગ્રેજી (દ્વિતીય ભાષા) (૦૧૩ S.L.) |
| | | ધોરણ-૧૧ અને ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ) | રસાયણ વિજ્ઞાન (૫૨) |
| ૨૭/૦૭/૨૦૨૨ | એક કલાક (શાળાના બીજા સેશનના શરૂઆતના કલાકમાં) | ધોરણ-૯ અને ધોરણ-૧૦ | સામાજિક વિજ્ઞાન (૧૦) |
| | | ધોરણ-૧૧ અને ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ) | મનોવિજ્ઞાન (૧૪૧) /<br>વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન (૦૪૬) |
| | | ધોરણ-૧૧ અને ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ) | ગણિત (૫૦) /<br>જીવવિજ્ઞાન (૫૬) |

M. K. Raval
નિયામક (પરીક્ષા)
ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર



Scanned with CamScanner


## પ્રથમ એકમ કસોટી - ૨૦૨૨ -૨૩ કાર્યક્રમ

### ધોરણ-9

| વિષય | માસ | પ્રકરણ | પ્રકરણનું નામ |
|---|---|---|---|
| સામાજિક વિજ્ઞાન | જુન | પ્રકરણ-૧ | ભારતમાં બ્રિટીશ સત્તાનો ઉદય |
| | | પ્રકરણ-૮ | ભારત રાજ્ય બંધારણ ઘડતર અને લક્ષણો |
| | જુલાઇ | પ્રકરણ-૨ | પ્રથમ વિશ્વ યુધ્ધ અને રશિયન ક્રાંતિ |
| વિજ્ઞાન | જુન | પ્રકરણ-૧ | આપણી આસપાસમાં દ્રવ્ય |
| | જુલાઇ | પ્રકરણ-૫ | સજીવનો પાયાનો એકમ |

### ધોરણ-10

| વિષય | માસ | પ્રકરણ | પ્રકરણનું નામ |
|---|---|---|---|
| સામાજિક વિજ્ઞાન | જુન | પ્રકરણ-૧ | ભારતનો વારસો |
| | | પ્રકરણ-૮ | કુદરતી સંસાધનો |
| | | પ્રકરણ-૧૫ | આર્થિક વિકાસ |
| | જુલાઇ | પ્રકરણ-૨ | ભારતનો સાંસ્કૃતિક વારસો: પરંપરાઓ : હસ્ત અને લલિતકલા |
| | | પ્રકરણ-૩ | ભારતનો સાંસ્કૃતિક વારસો: શિલ્પ અને સ્થાપત્યકલા |
| વિજ્ઞાન | જુન | પ્રકરણ-૧૫ | આપણું પર્યાવરણ |
| | | પ્રકરણ-૧ | રાસાયણિક પ્રક્રિયાઓ અને સમીકરણો |
| | જુલાઇ | પ્રકરણ-૬ | જૈવિક ક્રિયાઓ |



Scanned with CamScanner

# એકમ કસોટી જુલાઇ-૨૦૨૨

## ધોરણ- ૧૨ (સામાન્ય પ્રવાહ)નો અભ્યાસક્રમ

| ધોરણ | વિષય અને કોડ | પ્રકરણ |
|---|---|---|
| 12 | ENGLISH (006) (F.L) | Book : Flamingo<br>Ch. 1 The Last Lesson<br>Ch. 2 Lost Spring<br>Poem 1. My Mother at Sixty-six<br>Poem 2. An Elementary School Classroom in a Slum<br>Book : Vistas<br>Ch. 1 The Third Level<br>Grammar<br>- Idioms and phrases<br>Comprehension<br>- Email Writing |
| 12 | ENGLISH (013) (S.L) | Unit-1<br>Read-1 Can You Install LOVE?<br>Read-2 Sunrise on the Kangchenjunga<br>Unit-2<br>Read-1 Unforgettable Walt Disney<br>Read-2 Shaper Shaped<br>Supp. Reading<br>1. The Birdman of India<br>2. Her Words, His Vision<br>3. Final Game |
| 12 | વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન (046) | 1. સંચાલનનું સ્વરૂપ અને મહત્વ<br>2. સંચાલનના સિદ્ધાંતો<br>3. આયોજન |
| 12 | મનોવિજ્ઞાન (141) | પ્રકરણ -૧ સંવેદન, ધ્યાન અને પ્રત્યક્ષીકરણ<br>પ્રકરણ – ૨ શીખવાની ક્રિયા<br>( પ્રશિષ્ટ અભિસંધાનના પ્રયોગ સુધી ) |

Scanned with CamScanner

# ધોરણ-૧૧/૧૨ વિજ્ઞાન પ્રવાહ

## શૈક્ષણિક વર્ષ – ૨૦૨૨-૨૦૨૩

## પ્રથમ એકમ કસોટી નો અભ્યાસક્રમ

| ધોરણ | વિષય | પ્રકરણ | પ્રકરણનું નામ |
|---|---|---|---|
| ૧૧ | ૦૫૦ - ગણિત | ૧ | ગણ |
| | | ૨ | સંબંધ અને વિધેયો |
| ૧૧ | ૦૫૨ રસાયણ વિજ્ઞાન | ૧ | રસાયણ વિજ્ઞાનની કેટલીક પાયાની સંકલ્પનાઓ |
| | | ૨ | પરમાણુનું બંધારણ |
| ૧૧ | ૦૫૬ - જીવ વિજ્ઞાન | ૧ | સજીવ સૃષ્ટિ |
| | | ૨ | જૈવિક વર્ગીકરણ |
| | | ૩ | વનસ્પતિ સૃષ્ટિ |
| ૧૨ | ૦૫૦ - ગણિત | ૧ | સંબંધ અને વિધેય |
| | | ૨ | ત્રિકોણમિતીય પ્રતિવિધેયો |
| | | ૩ | શ્રેણિક |
| ૧૨ | ૦૫૨ રસાયણ વિજ્ઞાન | ૧ | ઘન અવસ્થા |
| | | ૨ | દ્રાવણો |
| ૧૨ | ૦૫૬ - જીવ વિજ્ઞાન | ૧ | સજીવોમાં પ્રજનન |
| | | ૨ | સપુષ્પી વનસ્પતિઓમાં લિંગીપ્રજનનં |
| | | ૩ | માનવ-પ્રજનન |

વા. નિયામક (શૈ.પ્ર.)
GSHSEB

Scanned with CamScanner

## એકમ કસોટી જુલાઇ-૨૦૨૨

## ધોરણ- ૧૧ (સામાન્ય પ્રવાહ)નો અભ્યાસક્રમ

| ધોરણ | વિષય અને કોડ | પ્રકરણ |
|---|---|---|
| 11 | ENGLISH (006) (F.L) | Book : Hornbill<br>Ch. 1 A Portrait of a Lady<br>Ch. 2 We're not afraid to die ...<br>Poem.1 A Photograph<br>Grammar<br>- Idioms and Phrases<br>Composition<br>- Report Writing |
| 11 | ENGLISH (013) (S.L) | Unit-1<br>Read-1 The Journey of My Life: From Earth to Everest<br>Read-2 The Wild Saviour<br>Unit-2<br>Read-1 Autofab Technology<br>Supp. Reading<br>1. Think Pink, Think Flamingo<br>2. Penguin, My Friend |
| 11 | વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન (046) | 1. ધંધાનું સ્વરૂપ, હેતુ અને કાર્યક્ષેત્ર<br>2. ધંધાકીય એવાઓ - ૧ |
| 11 | મનોવિજ્ઞાન (141) | પ્રકરણ – ૧ મનોવિજ્ઞાન – એક વિજ્ઞાન |

Scanned with CamScanner